# સેકટર-૨૯ ચર્ચ પાછળ ઉભરાતી ગટરથી રહીશો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ માં ચર્ચ પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી ગટર ઉભરાતા સ્થાનિક નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગ વચાળે ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. નાગરીકોને ના છુટકે ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. ત્યારે ચોમાસાની સિઝનમાં ગંદા પાણીના ખાબોચીયા ભરાતા મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકો રાત્રીના સમયે શાંતિથી સુઈ પણ શકતા નથી. ત્યારે સતત ઉભરાતી ગટરને પગલે સ્થાનિક નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ગટરો ઉભરાતી હોવાની સમસ્યા રોજ સાંભળવા મળે છે. ગટરો ઉભરાતા ગંદા પાણીના ખાબોચીયા માર્ગો પર ભરાય છે. ગટરોની યોગ્ય સફાઈના અભાવે સેકટરોમાં મેઈન ગટરો ચોકઅપ થતા અન્ય ગટરો ઉભરાય છે. સેકટર-૨૯ ના સરકારી દવાખાનાની આસપાસ આવેલા રહેણાંક વિસ્તારમાં પણ ગટર ઉભરાતી હોવાની સમસ્યા આંતરે દિવસે સર્જાય છે. ચોમાસાની સિઝન અને ઉભરાતી ગટરાને પગલે નાગરીકોની હાલત કફોડી બની જાય છે. ખદબદતી ગંદકી વચ્ચે નાગરીકોને રાત દિવસ પસાર કરવાનો વારો આવે છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે જેથી રહેવાસીઓ શાંતીથી નિંદર પણ માણી શકતા નથી. નાગરીકોને ગટરની ગંદકીને પગલે મોં પર રૂમાલ રાખીને પસાર થવાનો વારો આવે છે. એક તરફ ચોમાસાની સિઝનમાં રોગચાળો ના ફેલાય તેના માટે તંત્ર તકેદારીના પગલા લઈ રહ્યું છે ત્યારે ગટરની ગંદકી વચ્ચે રહેતા વસાહતીઓના આરોગ્ય સામે પણ ખતરો તોળાઈ રહ્યો છે. સ્થાનિક વસાહતીઓ દ્વારા તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા પણ આજદિન સુધી નિવેડો આવ્યો નથી તેમ રહીશો કહી રહ્યા છે.






રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ગાંધીનગર શહેરના સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ વોર્ડ નં. ૮ દ્વારા બોરીજ સે. ૨ની શાળા ખાતે ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવેની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોને કેક ખવડાવવામાં આવી હતી. આ ઉપરાંત સેવા વસ્તીમાં લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. બોરીજ પ્રા. શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિતના કાર્યકરો અને કાઉન્સીલરો ઉપસ્થિત રહ્યા હતા તે પ્રસંગની તસ્વીર.

# સોના-ચાંદીના દાગીના સેરવી લેતી મહિલાને એલસીબીએ પકડી પાડી

## સે-૨૮ ગાર્ડનમાં પાંચ માસ અગાઉ યુવકને બે ભાન કરી ચાંદીનું કડુ અને સોનાની કડીની ચોરી કરી હતી

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરના પાચ માસ અગાઉ સેકટર-૨૮ ગાર્ડનમાં નોકરીની લાલચ આપી યુવાનને બોલાવીને આઈસ્કીમ ખવડાવીને યુવકને બેભાન કરીને હાથમાં પહેરેલ કડુ તેમજ સોનાની બે કડીઓ ચોરીને રફુચક્કર થઈ ગયેલી મહિલાને ગાંધીનગર એલસીબીની ટીમે સેકટર-૨૪ ખાતેથી દબોચી લીધી છે. પોલીસે તેની પાસેથી ચાંદીનું કડું તેમજ સોનાની બે કડીઓ સહિત રૂ. ૧૪૨૧૩ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



એલસીબી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એએસઆઈ હજારી સિંહ તેમજ હે.કો ભવાન સિંહને બાતમી મળી હતી કે સેકટર-૨૪ ખાતે એક મહિલા સોના-ચાંદીના દાગીના વેચવા માટે ફરી રહ્યા છે અને શંકાસ્પદ છે. જેને પગલે ટીમના સભ્યો એએસઆઈ સુરેશકુમાર છાજુરામ, વુ.એએસઆઈ જાગૃતિબહેન ખુમાનસિંહ, વુ.લો.હેતલબેન પ્રકાશભાઈ સહિતે સેકટર૨૩ થી સેકટર-૨૪ માં શાકમાર્કેટમાં પ્રવેશવાના માર્ગ પરથી આશાબેન હસમુખભાઈ દંતાણી (રહે. હરીઓમ સોસાયટી રામજી મંદિરની બાજુમાં રાણીપ અમદાવાદ)ને સોનાની વાળી નંગ-૨ તેમજ ચાંદીના કડા સાતે પકડી પાડી હતી. આ અંગે પોલીસે તેણીને પુછપરછ કરતા યોગ્ય જવાબ ન આપતા પોલીસે યુકિત પ્રયુકિતથી પુછતા આ સોના ચાંદીના દાગીના આશરે પાંચ માસ અગાઉ અંબોડ બસ સ્ટેન્ડ પાસે સોડાની લારી ચલાવતા એક યુવકને નોકરી આપાવાની લાલચ આપી સેકટર-૨૮ ગાર્ડનમાં બોલાવી આઈસ્કીમમાં ઘેનની ગોળીઓ મીલાવી આઈસ્કીમ ખવડાવતા બેભાન થઈ ગયા બાદ હાથમા પહેરેલ ચાંદીનું કડુ તેમજ કાનમાં પહેરેલ સોનાની વાળી કાઢી લીધી હતી. પોલીસે રૂ. ૧૪૨૧૩ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**સેકટર-૩ ન્યુ ખાતે વસાહતીઓ દ્વારા ગાંધીનગરના જન્મદિનની ઉજવણી કરાઈ**

ગાંધીનગર શહેરના ૫૫માં જન્મદિનની ઉજવણી સેકટર-૩ ન્યુના વસાહતી ભાઈ બહેનો દ્વારા કેક કાપીને કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વસાહતી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. જયારે નાના બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સિધ્ધાર્થ લો કોલેજમાં વૃક્ષારોપણ સંપન્ન

ગાંધીનગર, તા.૨

સિધ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરમાં પર્યાવરણની જાળવણીના ભાગરૂપે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્ય ડૉ દિલીપ એ. મેવાડા તથા કોલેજ પરિવારો મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ કર્યું હતું.

## સિસિકા દ્વારા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ

સિનીયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા ગાંધીનગર તાલુકાની જલુંદ પ્રાથમિક શાળા (મોટી આદરજ) અને ધમાસણા પ્રાથમિક શાળા તેમજ ગાંધીનગર શહેરની સેકટર-૨, ૧૨,૧૩ની પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૪ના ૩૨૫ બાળકોને નોટબુક-પન્સિલ અને રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધો-૫અને ૬ના ૨૦૦ વિદ્યાર્થીઓને ચોપડા તેમજ બોલપેન, ધોરણ-૭ અને ૮ના ૨૧૦ વિદ્યાર્થીઓને મોટા ચોપડા અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિતરણમાં કાઉન્સિલની મહિલા પાંખની બહેનો સભ્યોનો સહકાર પ્રાપ્ત થયો હતો તેમ મંત્રી બી.ડી. શાહે જણાવ્યું છે.

# મધુર ડેરીએ એક લાખ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ કર્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ૫૫મા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સંચાલિત મધુર ડેરીએ ચાલુ વર્ષે ૧ લાખ રોપા વાવી ઉછેરવાનો સંકલ્પ કર્યો હતો. ચાલુ વર્ષે મધુરના નવા સંકુલ સહિત ડેરીની મંડળીઓ ઉપર ૧ લાખ વૃક્ષોના રોપા વાવવાનો મધુર પરિવારે સંકલ્પ વ્યક્ત કર્યો છે.

ડૉ. શંકરસિંહ રાણાએ જણાવ્યુ હતું કે ગ્લોબલ વોર્મિંગ સમતોલ કરવા માટે વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે ડેરી એક વટવૃક્ષ થઈ ગયું છે. ત્યારે પશુપાલકને પણ દૂધના પોષણક્ષમ ભાવો આપવામાં રાજયમાં અગ્રેસર છે. મેનેજીંગ ડાયરેકટર મનોહરસીંઘ ચૌહાણે પણ આ પ્રસંગે વૃક્ષના રોપાનું વાવેતર કરી આ રોપા વટવૃક્ષ બને તેવી કર્મચારીઓને અપીલ કરી વૃક્ષોને દત્તક લેવા જણાવ્યું હતું. વધુમાં તેઓએ પર્યાવરણની માવજત માટે 'ગ્રીન મધુર ક્લીન મધુર'ની થીમ મધુર પરિવારજનોને સમજાવી હતી.

આ પ્રસંગે મધુર પરિવારના સૌ સભ્યો, કર્મચારીઓ, અધિકારીઓએ મોટી સંખ્યામાં હાજર રહી વૃક્ષારોપણ કરીને સફળ બનાવ્યો હતો.



ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ઘ-૩ સર્કલ નજીક ૫૫માં સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે કેક કાપી અને સૌ રાહદારીઓને ચોકલેટ્સનું વિતરણ કરાયુ હતુ. આ ઉજવણીમાં પ્રદેશ મહામંત્રી નીશીત વ્યાસ, કાઉન્સીલરો શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા, ઝોન-૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા તેમજ કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

